# વાહન વ્યવહાર કમિશનરની કચેરી

બ્લોક નં.-૬, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ઓફીસ : (૦૭૯) ૨૩૨૫૧૩૬૩   E-mail: cot-trans-mvp@gujarat.gov.in


---

પ્રતિ,
કાર્યકારી પ્રમુખશ્રી,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન
૭૫, સહજાનંદ શોપ્પીંગ સેન્ટર,
શાહીબાગ રોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૪

વિષય: કોમર્શિયલ વાહન માલિકોને જુદી જુદી આર.ટી.ઓ. કચેરીઓમાં પડતી મુશ્કેલીઓ અંગે

સંદર્ભ: એશોશિએશન નો તા ૨૩/૦૪/૨૦૨૪ નો પત્ર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય સંદર્ભે આપના દ્વારા ધ્યાનમાં મુકવામાં આવેલ મુદ્દાઓ પરત્વે સ્પષ્ટતાઓ નીચે મુજબ છે.

<u>મુદ્દા નં. ૦૧</u>

અન્ય રાજયમાંથી ગુજરાત રાજયમાં વાહન કાયમી રીતે વપરાશ કરવા અર્થે લાવવામાં આવે છે. અન્ય રાજયમાંથી ગુજરાત રાજયમાં વાહન તબદીલ કરાવતી વખતે વસુલવાના થતા મોટર વાહન વેરાની દર અંગે વર્ષ ૨૦૧૭ના જાહેરનામા અન્વયે કાયદા વિભાગનો અભિપ્રાય મેળવેલ અને કાયદા વિભાગના અભિપ્રાય અન્વયે અત્રેની તાબા હેઠળની કચેરીઓને તે મુજબ વેરો વસૂલાત કરવા તા:**29/01/2024** ના રોજ પત્ર ક્રમાંક **COT/0649/01/2024** દ્વારા સૂચના આપવામાં આવેલ હતી (આ સાથે સામેલ છે) લમસમ મોટર વાહન વેરો "**cost of vehicle**" પર લેવામાં આવે છે, **Gujarat Motor Vehicle Tax Act,1958** ની કલમ **2(1A) (a)** માં "**cost of vehicle**" ની વ્યાખ્યા આપવામાં આવેલ છે. વ્યાખ્યા ધ્યાને લેતા મેન્યૂફેક્ચરર/ડીલર દ્વારા આપવામાં આવેલ "**Sale Invoice**" ની રકમ પર લમસમ વેરો નિયત કરેલ દર મુજબ વસૂલવાનો રહે છે. જે કિસ્સામાં વાહન ખુબ જ જૂનું છે અથવા વાહનનું ઇનવોઇસ રજૂ ન કરી શકાય તેમ હોય તેવા કિસ્સામાં ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ,**1958** ના શિડ્યુલ-**2** માં જણાવ્યા અનુસાર જે તે જિલ્લાના ટેકસેશન અધિકારી વાહનની કિમત નક્કી કરવા બાબતની સમજૂતી આપેલ છે. આમ, વાહનની કિમત નક્કી કરવાની જોગવાઈ કાયદામાં કરવામાં આવેલ જ છે.

<u>મુદ્દા નં ૨:</u>

જયારે પણ કોઈ તપાસ એજન્સી દ્વારા વાહન પર કોઈ કાર્યવાહી ન કરવાની સુચના આપવામાં આવે તેવા સંજોગો માં સંબધિત રજીસ્ટ્રેશન ઓથોરીટી દ્વારા વાહન ૪.**0** માં ઉપલબ્ધ "**Not To Be Transacted**" ઓપશન નો ઉપયોગ કરી વાહન પર અન્ય કોઈ કામગીરી ન થઈ શકે તેવો ટેગ લગાવવામાં આવતો હોય છે. પરંતુ વાહન ૪.**0** તપાસ એજન્સી દ્વારા ઉલેખ કરવામાં આવેલ જે તે સ્પેસિફિક સર્વિસ જ બ્લોક થાય તે મુજબ નો વિકલ્પ હાલ ઉપલબ્ધ નથી જેથી આવા સંજોગો માં સંબધિત કચેરીના અધિકારી દ્વારા તેઓની વિવેકબુદ્ધિ નો ઉપયોગ કરી જે તે એજન્સી દ્વારા આપેલ સૂચના અને અરજદાર દ્વારા કરેલ રજૂઆત ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહે છે.

<u>મુદ્દા નં ૩:</u>

સદર બાબતે અત્રેની કચેરી ના પત્ર ક્રમાંક: એમવીએ ૧૦૭૩૨ તા ૧૯/૧૨/૨૦૧૫ થી તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ ને સૂચનાઓ આપવામાં આવેલ છે (જેની નકલ આ સાથે સામેલ છે)

<u>મુદ્દા નં ૪:</u>

સામાન્ય સંજોગો માં વાહન પરનું ચલણ ભરપાઈ કરતા વાહનના ડ્યુ માંથી ચલણ હટી જાય છે પરંતુ કોઈ સંજોગો માં ચલણ આપનાર અધિકારી દ્વારા વાહન ને "**Not To Be Transacted**" તરીકે ટેગ કરવામાં આવેલ હોય તેવા સંજોગો માં ચલણ ભરપાઈ થયા બાદ સંબધિત ઓથોરીટી દ્વારા વાહન ને "**Not To Be Transacted**" માંથી દુર કરવાની જરૂરિયાત રહે છે. સદર કાર્યવાહી

મોરથ દ્વારા વાહન ૪.0 ની નિયત મુજબ જ કરવામાં આવે છે.

વધુમાં, વર્ચ્યુઅલ કોર્ટમાં ભરપાઇ કરેલ મેમોનું ઈ-ચલણમાં રિયલ ટાઇમ સ્ટેટસ અપડેટ થાય તે માટે અત્રેથી કોર્ટ તથા **NIC** ને જાણ કરેલ છે જે અન્વયે **NIC** કક્ષાએ કાર્યવાહી પ્રગતિમાં છે.

<u>મુદ્દા નં ૫:</u>

સામાન્ય સંજોગો માં વાહનનો એકવખત લમસમ વેરો ભર્યા બાદ **VAHAN** ૪.0 ની એમપરિવહન એપ્લીકેશન માં પણ ટેક્ષ ની વેલીડીટી અધ્યતન થઈ ને "**LTT**" તરીકે દર્શાવવામાં આવતી હોય છે પરંતુ જુજ કિસ્સાઓ જેમાં વાહન નો લમસમ ટેક્ષ ભરપાઈ વાહન ૪.0 અમલીકરણ થયા પેહલા લમસમ વેરો ભરપાઈ થયેલો હોય અથવા અન્ય કારણોસર એમપરિવહન એપ્લીકેશન માં વેલીડીટી "**LTT**" તરીકે દર્શાવવામાં આવતી નથી. સદર બાબત અત્રેની કચેરી દ્વારા **NIC** ના ધ્યાને મુકવામાં આવેલ છે અને તેનું સત્વરે નિરાકરણ લાવવા અત્રે ની કચેરી દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહેલ છે.

<u>મુદ્દા નં ૬:</u>

આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ સાથે થતી બેઠકો તેમજ વિડીઓ કોન્ફરન્સ માં વાહન માલિકો ના પ્રશ્નોને રૂબરૂ સાંભળી સત્વરે નિરાકરણ કરવા અર્થે અત્રે ની કચેરી દ્વારા સૂચનાઓ આપવામાં આવતી હોય છે. પરંતુ કોઈ ખાસ કચેરી આ પ્રકાર ના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય તો તે બાબતે અલગથી અત્રેની કચેરી ને રજૂઆત કરવા વિનંતી છે.

આપના દ્વારા કરવામાં આવેલ રજૂઆતના મુદ્દા નં ૧ થી ૬ ને લગતી સ્પષ્ટતાઓ ઉપર મુજબ છે. તેમ છત્તા જો આપ અન્ય કોઈ રજૂઆત હેતુ રૂબરૂ મુલાકાત લેવા માંગતા હોય તો તે બાબતે અત્રે જાણ કરવા વિનંતી છે.

(નોંધ પર માન. કમિશનરશ્રીની મંજૂરી મુજબ)

નાયબ નિયામક
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના:

નાયબ સચિવશ્રી, બંદરો અને વાહ્ય. વિભાગ (વા.વ્ય), નવા સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified

Signed by: Vinita Yadav
I/C Deputy Director
Date:2024.05.07
14:53:11 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign